## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૨૭/૨૦૨૪**
**આંક : ૪૨**

**વાદી :–**

મેનેજરશ્રી,બેંક ઓફ બરોડા–દેત્રોજ શાખા,

રહે .દેત્રોજ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

વિરુધ્ધ

**પ્રતિવાદી:–**

(૧) રાજુભા વિઠ્ઠલસિંગ સોલંકી

(૨) વિનુભા વિઠ્ઠલસિંગ સોલંકી

રહે .કુકવાવ,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રૂા.૨૬,૭૦૦/– ના આંકથી**

---

| | |
|---|---|
| **દાવા દાખલ તારીખ** | **: ૧૮–૦૩–૨૦૨૪** |
| **દાવા નિકાલ ફેસલ તારીખ** | **: ૧૮–૦૩–૨૦૨૬** |

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,વાદીની દાવાનું ટુંકમા હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદીઓ રહે .મુ.પો. કુકવાવ, તા.દેત્રોજ–રામપુરા નાઓએ વેપાર ઉધોગના હેતુ થી વર્કીંગ કે પીટલ બી.જી.ઇ.સી. એલ/ટર્મ લોન ધિરાણ મેળવવા અરજી કરેલ.જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદી નં.૧ ના વેપાર ઉધોગના હેતુથી વર્કીંગ કે પીટલ બી.જી.ઇ.સી. એલ/ટર્મ રૂા.૩૭,૦૦૦/–(અંકે રૂપિયા સાડત્રીસ હજાર પુરા) તા.૨૪–૦૬–૨૦૨૦ ના રોજ મંજુર કરવામાં આવેલ અને તે લોન અંગે

પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૨ રહે લ અને લોન અંગેની તમામ પ્રક્રિયા કરી આ કામના પ્રતિવાદી નં.૧ ને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેમની અરજી તેમજ તે સાથે હાઇપોથીકેશન એગ્રીમેન્ટ,એૈરે ન્જમેન્ટ લેટર,ડિમાન્ડ પ્રામીસરી નોટ,અંડર ટેકીંગ લેટર વિગેરે દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી/અંગુઠા કરીને વાદી બેંકની તરફે ણમાં કરી આપેલ તેમજ આ કામના પ્રતિવાદી નં.૨ નાએ પણ પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે ગેરન્ટી ડીડ તેમજ જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકની તરફે ણમાં કરી આપેલ અને આ કામના પ્રતિવાદી નં.૧ નાને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદી નં.૧ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ પ્રતિવાદી નં.૧ સાથે નકકી થયેલ અને પ્રતિવાદી નં.૨ કે જે પ્રતિવાદી નં.૧ ના જામીનદાર હોય પ્રતિવાદી નં.૨ નાઓ પણ જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૧ ની લોનની રકમ ભરપાઇ કરવા કરાવવાની જવાબદારી સ્વીકારે લ અને પ્રતિવાદી નં.૨ નાએ પણ જો ધિરાણની રકમ સમયસર ભરપાઇ ન થાય તો પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે કરાર મુજબના દંડનીય વ્યાજ સહીતની રકમ ચુકવવા બાબતે સંપૂર્ણ સંમતિ આપેલ અને મજકુ ર ધિરાણ અંગે આ કામના પ્રતિવાદી નં .૧ તેમના ધંધાના માલ સ્ટોક ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદી નં.૧ ને વાદી બેંકની શાખામા લીધેલ ધિરાણ અંગે ખાતા નં.૮૫૧૬૦૬૦૦૦૦૦૧૩૯ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૧ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામા બેદરકાર રહેલ છે અને પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં. ૨ ની પણ મજકુ ર ધિરાણની રકમ ભરપાઇ કરાવવાની જવાબદીર હોવા છતા પ્રતિવાદી નં.૨ નાએ ધિરાણની રકમ ભરપાઇ કરાવવા બેદરકારી રાખેલ છે અને તેઓ વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ

કરવા અંગે લેખિત મૌખિક જાણ કરે લ. વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે , વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતાં પ્રતિવાદીઓએ હાઇપોથીકેશન એગ્રીમેન્ટ, એરે ન્જમેન્ટ લેટર, ડિમાન્ડ પ્રામીસરી નોટ, અંડર ટે કીંગ લેટર વિગેરે લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્ટુ અલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરેલ ન હોઇ આ કામના પ્રતિવાદી પાસે વાદી બેંકનું તા.૩૧– ૦૩–૨૦૨૩ ના રોજની સ્થિતિએ રૂ.૨૬,૭૦૦/–(અંકે રૂપિયા છવ્વીસ હજાર સાતસો પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદી નં.૧ નાએ નામદાર કોર્ટ ની હકુમતમા વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદી નં.૧ ને રૂ.૩૭,૦૦૦/– (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પુરા) તા.૨૪–૦૬–૨૦૨૦ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણેનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકની તા.૩૧–૦૩–૨૦૨૩ નારોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂ.૨૬,૭૦૦ /– (અંકે રૂપિયાછવ્વીસ હજાર સાતસો પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદી નં.૧ વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામું વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ વિરુઘ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી નં.૧ પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર–જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી નં.૧ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

(ડ) આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) આ કામના વાદીના હાલના દાવાનો આ કામના પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં, સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદીઓ કે તેઓના તરફે કોઇ વકીલશ્રી અદાલત રૂબરૂ હાજર રહેલ નહી હોય કે કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોય જેથી પ્રતિવાદી સામે પ્રસ્તુત કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**-:આખરી હુકમ:-**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદી નં.૧ નાએ વાદીને રૂ.૨૬,૭૦૦/-(અંકે રૂપિયા છવ્વીસ હજાર સાતસો પુરા)દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદી નં.૧ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદી નં.૧ ની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદી નં.૧ એ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદી નં.૧ એ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે -માર્ચ,સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

તારીખ- ૧૮.૦૩.૨૦૨૬

સ્થળ-દેત્રોજ

(હર્ષ શાંતીભાઇ રાઠોડ)
પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ
કોડ નં. જી.જે.૦૧૭૭૪

।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૨૭/૨૦૨૪

**o o ખર્ચનો આંકડો o o**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૧૯૭૫/– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૨૦૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૨૦૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૨૧૭૮/– | | | **કુલ** | ૨૦૩ | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર
આસીસ્ટન્ટ

તપાસનાર
સુપ્રીટેન્ડેન્ટ

પ્રિન્સિપાલ સિવીલ જજ
દેત્રોજ
કોડ નં..જે.૦૧૭૭૪